بسم اللہ الرحمن الرحیم

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.24-03-2017 સ્થળ : મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન.**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું :

ગઈ કાલે તા.૨૩ માર્ચ હતી અને ૨૩ માર્ચ જમાઅત અહેમદિયાના ઈતિહાસમાં ખુબ મહત્ત્વનો દિવસ છે કેમકે આ દિવસે હઝરત મિરઝા ગુલામ અહેમદ કાદિયાની અ.સ.એ જમાઅત અહેમદિયાની બૈઅત દ્વારા સ્થાપના કરી. આપે ફરમાવ્યું કે આવનાર મસીહ મૌઉદ અને મહદી મઅહૂદ જેના આગમનની સુચના આંહઝરત સ.અ.વ.એ આપી હતી તે હું છું. આપે ફરમાવ્યું કે હું એટલા માટે મોકલવામાં આવ્યો છું જેથી તૌહીદ કાયમ કરીને મહોબ્બતે ઈલાહી દિલોમાં પૈદા કરૂં. આપે ફરમાવ્યું કે ખુદા તઆલા ઈચ્છે છે કે તે તમામ રૂહોને જે જમીનમાં અનેક આબાદીઓમાં આબાદ છે શું યુરોપ અને શું એશિયા તે તમામને જે નેક ફિતરત રાખે છે તૌહીદ તરફ ખેંચે અને પોતાના બંદાઓને એક ધર્મ પર એકત્ર કરે આ જ ખુદા તઆલાનો લક્ષ્ય છે જેના માટે મને દુનિયામાં મોકલવામાં આવ્યો છે માટે તમે આ લક્ષ્યનું અનુસરણ કરો પરંતુ વિનમ્રતા તથા શિષ્ટાચાર અને દુઆઓ પર જોર આપતાથી.

પછી આપે ફરમાવ્યું કે આ સ્થાન તથા સ્તર મને આંહઝરત સ.અ.વ.ના અનુસરણ તથા આપથી સાચા પ્રેમના કારણે મળ્યો છે જેથી આખા વિશ્વ માટે આ સંદેશ છે કે તે રસૂલથી પ્રેમ કરો તથા તેનું આજ્ઞાપાલન કરો. તેના દ્વારા ખુદા તઆલાથી પણ સંબંધ સ્થાપિત થશે તથા વાસ્તવિક મોમિન પણ બની શકશો. આપ ફરમાવે છે કે આદમની સમસ્ત સંતાનો માટે હવે કોઈ રસૂલ અને સિફારિશ કરનાર નથી સિવાય હઝરત મુહમ્મદ સ.અ.વ. માટે પ્રયત્ન કરો કે સાચો પ્રેમ તે મહામાન્ય સાથે રાખો તથા તેના સિવાય, તેના પર કોઈ પણ પ્રકારની બડાઈ ન આપો જેથી આકાશમાં તમને મોક્ષ પ્રાપ્ત લખવામાં આવે અને યાદ રાખો મોક્ષ તે વસ્તુ નથી જે મૃત્યું પછી જાહેર થશે બલ્કે વાસ્તવિક મોક્ષ તે છે કે આ દુનિયામાં પોતાનો પ્રકાશ દેખાડે છે. મુકિત પ્રાપ્ત કોણ છે ? તે જે વિશ્વાસ રાખે છે કે ખુદા જ સત્ય છે અને મુહમ્મદ મુસ્તફા સ.અ.વ. તેના તથા તમામ માનવ જાતિ વચ્ચે એક માત્ર સિફારિશ કરનાર છે તથા આકાશની નિચે, ન તેમના સ્તરનો કોઈ અન્ય રસૂલ છે અને ન કુરઆનના સ્તરની બીજી કોઈ પુસ્તક છે તથા કોઈના માટે ખુદાએ ન ઈચ્છયું કે તે હંમેશા જીવિત રહે પણ આ મહામાન્ય નબી હંમેશા માટે જીવિત છે.

આ છે તે ધોરણ તથા પ્રેમ આંહઝરત સ.અ.વ.થી, જેને આપે અભિવ્યકત કર્યો તથા પોતાના માનનારને પણ આ વાતની પ્રેરણા આપી કે તે આ પ્રેમ તથા ધોરણને પોતાની સામે રાખે. નિર્દયી છે તે લોકો જે કહે છે કે અહેમદી, નઅઉઝુ બિલ્લાહ, હઝરત મસીહ મૌઉદ અ.સ.ના સ્તરથી આંહઝરત સ.અ.વ.ના સતરને ઓછું કરે છે તથા આજ કાલ અલઝેરિયામાં પણ અહેમદીઓ પર આ આરોપ લગાવવામાં આવે છે તથા આરોપ લગાવીને તેમને જેલોમાં બંધ કરવામાં આવે છે. અને હવે મહિલાઓ પર પણ તેમણે મુકદમાઓ કાયમ કરવા શરૂ કરી દીધા છે પરંતુ મહિલાઓ પણ આ જ સંદેશ મને મોકલી રહી છે કે અમોએ મસીહ મૌઉદ અ.સ.ને માન્યા છે તથા આ માન્યા પછી જ અમને વાસ્તવિક તૌહીદ અને આંહઝરત સ.અ.વ.ની પતિષ્ઠા તથા આપથી સાચો પ્રેમનો મતલબ માલૂમ થયો છે. અમે કેવી રીતે પોતાના ઈમાનથી પાછા હટી શકીએ છે. જ્યાં આપણે આ દુઆ કરીએ છીએ કે અલ્લાહ તઆલા તે અહેમદીઓ માટે આસાનીઓ પૈદા ફરમાવે ત્યાં અમારી આ પણ દુઆ છે કે અલ્લાહ તઆલા મુસલમાનોને આંહઝરત સ.અ.વ.ના સાચા આશિકને માનવાનું સામર્થ્ય આપે. તે જે અલ્લાહ તઆલાના વાયદા પ્રમાણે તૌહીદને કાયમ તથા ઈસ્લામના પુર્નોદ્ધાર માટે આવ્યો હતો. અલ્લાહ તઆલાથી પ્રેમ તથા તૌહીદની સ્થાપના માટે આપની તડપની એક ઝલક આપના આ શબ્દોથી મળે છે. આપ અલ્લાહ તઆલાને સંબોધિત કરીને ફરમાવે છે કે જો મારી આત્મા અત્યંત ભરોસા સાથે તારા તરફ એવી ઉડાન ભરી રહી છે જેવું કે પક્ષી પોતાના માળા તરફ આવે છે તો હું તારી શકિતના નિશાનનો અભિલાષી છું

પરંતુ ન પોતાના માટે તથા ન પોતાના સંમ્માન માટે બલ્કે એટલા માટે કે લોકો તને ઓળખે તથા તારા પવિત્ર માર્ગને ધારણ કરે અને જેને તેં મોકલ્યો તેને નકારીને હિદાયતથી દુર ન ચાલ્યા જાય. હું ગવાહી આપું છું કે તેં જ મને મોકલ્યો છે તથા મારા સમર્થનમાં મોટા મોટા નિશાન જાહેર કર્યા છે અહી સુધી કે સૂર્ય અને ચંદ્રને આદેશ આપ્યો કે તે રમઝાનના મહીનામાં ભવિષ્ય વાણીની તારીખો અનુસાર ગ્રહણમાં આવે. હું તને ઓળખું છું કે તુ જ મારો ખુદા છે અને એટલા માટે મારી આત્મા તારા નામથી એવી ઉછળે છે જેવું કે દુધ પીનાર બાળક માતાને જોઈને, પરંતુ અધિકતર લોકોએ મને નથી ઓળખ્યો તથા સ્વીકાર નથી કર્યો. આ વાતથી જ્યાં આપ અ.સ.ની અલ્લાહ તઆલાથી પ્રેમ તથા તેની મહાનતાની સ્થાપના માટે તડપ જોવા મળે છે ત્યાં માનવતાને બચાવવા માટે વ્યાકુળતાની પણ ખુબ અભિવ્યકિત જોવા મળે છે. આપને કેટલી તડપ હતી કે આ અલ્લાહ તઆલાથી પ્રેમની ચિંગારી બીજાના દિલોમાં પણ પૈદા થઈ જાય. તે વિશે આપ ફરમાવે છે કે

કેટલો અભાગ્યો છે તે મનુષ્ય જેને હજુ સુધી માલૂમ નથી કે તેનો એક ખુદા છે જે પ્રત્યેક વસ્તુ પર નિયંત્રણ રાખે છે. અમારી જન્નત અમારો ખુદા છે, અમારા ઉચ્ચ સ્તરીય આનંદ અમારા ખુદામાં છે કેમકે અમોએ તેને જોયો છે તથા પ્રત્યેક સુંદરતા તેમાં જોઈ છે. આ સંપત્તિ લેવાને યોગ્ય છે જો જીવ આપવાથી પણ મળે તથા આ હીરો ખરીદવાને યોગ્ય છે જો આખું અસ્તિત્વ ખોવાથી પણ મળે. હે અભાગ્યાઓ! આ ઝરણાં તરફ દૌડો કે તે તમને સીંચશે. આ જીવનનું ઝરણું છે જે તમને બચાવશે. હું શું કરૂં કેવી રીતે શુભ સુચનાને દિલોમાં બેસાડું. કયા ઢોલથી ઢંઢેરો પીટતો ફરૂ કે તમારો આ ખુદા છે જેથી લોકો સાંભળે અને કઈ દવાથી હું તેમનો ઈલાજ કરૂં જેથી સાંભળવા માટે લોકોના કાન ખુલે.

આમ, કેટલો દર્દ છે આ શબ્દોની પરતમાં બલ્કે કહેવું જોઈએ કે પ્રત્યેક શબ્દમાં દર્દના અનેક પહલૂ છુપેલ છે. પ્રત્યેક શબ્દની અનેક પરત છે તથા પ્રત્યેક પરતમાં દર્દ છે તથા તેની ગહેરાઈમાં પ્રત્યેક પોતાની સમજ અને વિવેક અનુસાર જઈ શકે છે.

આપ ફરમાવે છે કે જો ખુદાના થઈ જશો તો નિઃસંદેહ ખુદા તમારો જ છે. તમે સુતેલા હશો અને ખુદા તઆલા તમારા માટે જાગશે, તમે દુશ્મનથી ગાફીલ હશો અને ખુદા તેને જોશે તથા તેના ષડયંત્રને તોડશે. ટામે હજુ સુધી નથી જાણતા કે તમારા ખુદામાં  શું શું શકિતઓ છે અને જો તમે જાણતા તો તમારા પર કોઈ એવો દિવસ ન આવતો કે તમે દુનિયા માટે ખુબ દુખી થઈ જતા. માટે આ તાલુક છે ખુદા તઆલાથી જેને આપણે હાસેલ કરવો છે અને કાયમ કરવો છે જે આપ પોતાના માનનારમાં ઈચ્છતા હતા કે આ ધોરણ હાસેલ થાય. ફરમાવ્યું કે જો તમારી આંખો હોય તો તમને જોવા મળશે કે ખુદા જ ખુદા છે અને બીજું બધું તુચ્છ છે.

તૌહીદના કયામ અને ઈસ્લામની નિસાતે સાનીયાનું કામ આપ અ.સ.ને આંહઝરત સ.અ.વ.ના અનુસરણ તથા આપથી પ્રેમના કારણે મળ્યું છે આ પ્રેમના દ્રશ્યો આપણને આપના અસ્તિત્વમાં કેવી રીતે દેખાય છે તેની અસંખ્ય ઘટનાઓ છે.

એક સ્થાને આંહઝરત સ.અ.વ.ની જાત પર વિરોધીઓની હંસી મજાક કરવાની વાતો સાંભળીને પોતાના મનની સ્થિતિને અભિવ્યકત કરતા આપે ફરમાવ્યું કે મારા દિલને કોઈ વસ્તુંએ એટલો દુખ નથી પહોચાડયું જેટલું આ લોકોના હાસ પરિહાસે પહોચાડયું છે જે તે આપણા રસૂલ સ.અ.વ.ની શાનમાં કરતા રહે છે. તેમના મનને ઠેસ પહોચાડવા વાળા આરોપોએ જે તે ખૈરૂલ બશર સ.અ.વ.ના સુંદર અસ્તિત્વ વિરૂદ્ધ કરે છે, મારા દિલને ખુબ દુખી કરી રાખ્યો છે. ખુદાની સોગંદ જો મારી તમામ સંતાન તથા સંતાનની સંતાન અને મારા મિત્રો તથા મારા તમામ સહયોગી તથા સહાયક મારી આંખોની સામે મારી દેવામાં આવે અને મારા પોતાના હાથ તથા પગ કાપી દેવામાં આવે તથા મારી આંખોની પુતળી કાઢી નાખવામાં આવે તથા હું પોતાની તમામ અભિલાષાઓથી વંચિત કરી દેવાય તથા પોતાની તમામ ખુશીઓ અને સમસ્ત સમૃદ્ધિઓને ખોઈ બેસું તો આ તમામ વાતોની તુલનામાં મારા પર આ કષ્ટ અધિક ભારી છે કે રસૂલે કરીમ સ.અ.વ. પર આ પ્રકારના અપવિત્ર હુમલાઓ કરવામાં આવે.

શું કોઈ છે જે આ પ્રકારની ભાવનાઓને જોહેર કરી શકે. ઈશ્ક વ મહોબ્બતનો દાવો કરનાર તો અનેક છે. રિસાલતની મર્યાદા તથા ખત્મે નબુવ્વતના નામે ફિત્ના ફસાદ કરનાર તો ઘણા બધા લોકો છે પરંતુ તેમણે પ્રયાસ શું કર્યો આંહઝરત સ.અ.વ.ના સ્તરને દુનિયામાં કાયમ કરવા માટે અને ઈસ્લામ તથા કુરઆનને દુનિયામાં ફેલાવવા માટે. આપના શબ્દો કેવળ મોંનો દાવો ન હતો બલ્કે આપની સાથે સંબંધ રાખનાર પણ તથા અન્ય લોકો પણ આ વાતના સાક્ષી છે કે આપની આંહઝરત સ.અ.વ.થી ઈશ્ક વ મહોબ્બતની અભિવ્યકિત, આપના દિલની આવાજ, આપની પ્રત્યેક ક્રિયાથી જાહેર થાય છે.

આ બધું જે આપે કર્યુ તો ઈસ્લામને અલ્લાહ તઆલાનો અંતિમ દીન તથા સંપૂર્ણ ધર્મ પ્રમાણ કરવા માટે કર્યુ અને આંહઝરત સ.અ.વ. સાથે પ્રેમના કારણે તથા આપના સ્તરને કાયમ કરવા માટે કર્યુ. વિશ્વને બતાવવા માટે કર્યુ કે વાસ્તવિક સ્તર આપનો જ છે. સમસ્ત વિશ્વને તથા વિશ્વના ધર્મો પર આ સ્પષ્ટ કર્યુ કે દીને મુહમ્મદ જેવું કોઈ ધર્મ નથી. એતરાઝ કરનાર આપના આંહઝરત સ.અ.વ.થી ઈશ્ક વ મહોબ્બતની અભિવ્યકિતેને તો વાંચે તથા તેના પર વિચાર કરે નહીતર તો આરોપ લગાવવો તો કેવળ મૂર્ખતાની નિશાની છે. આપ એક આજ્ઞાકારી શિષ્ય તથા એક આભારી સેવકની જેમ હંમેશા ફરમાવતા કે આ બધું મને મારા આકા હઝરત મુહમ્મદ સ.અ.વ.ના કારણે તથા આપના અનુસરણથી જ મળ્યું છે. તેને અભિવ્યકત કરતા આપ એક સ્થાને ફરમાવે છે કે જો હું આંહઝરત સ.અ.વ.ની ઉમ્મત ન હોત અને આપનું અનુસરણ ન કરતો તથા દુનિયાના તમામ પર્વતો બરાબર મારા કર્મ હોત તો પણ હું કદાપી આ અલ્લાહ તઆલાથી વાત કરવાનો તથા સંબોધિત થવાનું વરદાન ન મેળવતો.

આ વાતો સાંભળીને, જે હઝરત મસીહ મૌઉદ અ.સ. પર એતરાઝ કરે છે તે જાલિમ અને મૂર્ખ તથા ઉપદ્રવી છે તેના સિવાય બીજુ કંઈ ન કહી શકાય. તેમનો મામલો હવે અલ્લાહ તઆલા પર છે આ જે મોટા મોટા આલિમો બન્યા ફરે છે. હઝરત મસીહ મૌઉદ અ.સ.ની નિયુકિતનો ઉદ્દેશ જ્યાં તૌહીદની સ્થાપના તથા આંહઝરત સ.અ.વ.ના સ્તર તથા પ્રતિષ્ઠાને સ્પષ્ટ કરીને દુનિયાને આપના ઝંડા નિચે લાવવું હતું. ત્યાં બંદાના અધિકારોને પુરા કરવા તથા અલ્લાહ તઆલાના બંદા પર સ્નેહનો આભાસ અપાવવો તથા તેના અનુસાર કર્મ કરાવવું પણ હતું. આથી આપે બૈઅતની શર્તો માં પણ આ શર્ત મુકી. શર્ત ન.૪ માં માનવ જાતિને સામાન્ય રૂપથી તથા મુસલમાનોને વિશેષ રૂપથી પોતાની માનસિક વૃત્તિના જોશના કારણે કોઈ પણ પ્રકારની અનુચિત મુશ્કેલી ન આપશે. પછી નવમી શર્ત છે કે અલ્લાહ તઆલાના બંદાથી સહાનુભૂતિમાં કેવળઅ અલ્લાહ માટે વ્યસ્ત રહેશે અને જ્યાં યથાશકિત ખુદા દ્વારા અપાયેલ પોતાની શકિતઓ અને સામર્થ્યથી માનવ જાતિને લાભ પહોચાડતો રહેશે. આમ, આના અનુસાર ઈસ્લામની તાલીમનું વર્ણન કરતા આપ ફરમાવે છે કે ધર્મના બે જ ભાગ છે, એક ખુદા તઆલાથી પ્રેમ કરવું તથા બીજુ માનવ જાતિથી એટલું પ્રેમ કરવું કે તેમની મુશ્કેલીઓ પોતાની મુશ્કેલી સમજવી અને તેમના માટે દુઆ કરવી.

એક સ્થાને આપ ફરમાવે છે કે હું તમામ મુસલમાનો અને ઈસાઇઓ અણે હિન્દુઓ અને આર્યો પર આ વાત સ્પષ્ટ કરૂં છું કે દુનિયામાં કોઈ મારો દુશ્મન નથી. હું માનવ સમાજથી એવો પ્રેમ કરૂ છું કે જેવું કે દયાળું માતા પોતાના બાળકથી બલ્કે તેનાથી પણ અધિક. ફરમાવ્યું કે હું કેવળ તે જુઠી માન્યતાઓનો દુશ્મન છું જેના દ્વારા સત્યનું ખૂન થાય છે. ઈન્સાનથી સહાનુભૂતિ મારો કર્તવ્ય છે અને જુઠ અને શિર્ક અને અત્યાચાર અને પ્રત્યેક કુકર્મ અને અન્યાય અને અશિષ્ટતાથી વિમુખતા મારો નિયમ છે.

આ વાતો આપે કેવળ લખવા માટે નથી લખી દીધી અથવા કેવળ દાવો જ નથી કર્યો કે માનવ જાતિથી પ્રેમ છે. આ અનુસાર કર્મ પણ આપના જીવનથી આપણને જોવા મળે છે. આપ અલ્લાહની સૃષ્ટિને તાઉનન પ્રકોપથી મુકિત માટે દુઆ કરતા હતા કે હે ઈલાહી, જો આ લોકો તાઊનન પ્રકોપથી નષ્ટ થઈ ગયા તો પછી તારી આરાધના કોણ કરશે. જ્યારે કે તાઊન આપના સત્યાપનનું પ્રમાણ હતું હઝરત મસીહ મૌઉદ અ.સ.ના સ્વરમાં એટલી કરૂણા અને દર્દ હતું કે સાંભળનારને આશ્ચર્ય થતું હતું.

આમ, વિચાર કરો કે એક ભવિષ્ય વાણી અનુસાર વિરોધીઓ પર આ પ્રકોપ આવી રહ્યો છે પરંતુ આપ તેને દુર થવાની દુઆ માંગે છે. મોલ્વી મુહમ્મદ હુસેન બટાલવી સાહેબ, જેમણે વિરોધની હદ કરી અને હઝરત મસીહ મૌઉદ અ.સ. પર કાફીર હોવાનો ફત્વો લગાવ્યો તથા દજ્જાલ અને પથભ્રષ્ટ ઘોષિત કર્યા, નઅઉઝુ બિલ્લાહ. સમગ્ર દેશમાં આપની વિરૂધ્ધ ધૃણા અને દુશ્મનીની આગ ભડકાવી પરંતુ એક મુકદમામાં જ્યારે આપના વકીલે મોલ્વી મુહમ્મદ હુસેનના પરિવાર વિશે કોઈ આપત્તિ જનક પ્રશ્ન કરવા ઈચ્છયા તો આપ અ.સ.એ સખ્તીથી મનાઈ કરી. વકીલ મોલ્વી ફઝલે દીન સાહેબ ગૈર અહેમદી હતા, તેઓ કહેતા કે મિરઝા સાહેબ અનોખા ઈન્સાન છે, અદભુત શિષ્ટાચારના માલિક છે કે એક વ્યકિત તેમની પ્રતિષ્ઠા બલ્કે જાન પર આક્રમણ કરે છે અને તેમા જવાબમાં જ્યારે તેના સાક્ષ્યને દુર્બળ કરવા માટે અમુક પ્રશ્ન કરવામાં આવે છે તો આપ તરત જ રોકી દે છે કે હું આ પ્રકારના પ્રશ્નોની અનુમતિ નથી આપતો.

આમ, આ તો એક ઉદાહરણ છે કે આપના મિશનને નષ્ટ કરવા માટે અસંખ્ય આલિમોએ પ્રયાસ કર્યો, અસંખ્ય તથા કથિત આલિમોએ આપનો વિરોધ કર્યો આપ પર કાફીર હોવાનો ફત્વો લગાવ્યો અને હજુ પણ લગાવે છે. તેનો જ પરિણામ છે કે દુનિયાના વિભિન્ન મુસ્લિમ દેશોમાં અમારો વિરોધ થાય છે. આ હઝરત મસીહ મૌઉદ અ.સ.ની તાલીમનો આપણા પર અસર છે કે આજે પણ તે વિરોધીઓના જવાબમાં તેમના વિરૂદ્ધ શિષ્ટાચારના ધોરણને નથી છોડતા તથા કાયદાને પણ પોતાના હાથમાં નથી લેતા. કાશ તે લોકોને સમજ આવી જાય કે આ યુગના હકમ અને અદલ અને મસીહ અને મહદી હઝરત મિરઝા ગુલામ અહેમદ કાદિયાની અ.સ. જ છે અને ઈસ્લામનો પ્રચાર અને તૌહીદનો કયામ અને આંહઝરત સ.અ.વ.ની વાસ્તવિક હકૂમત જે દિલોમાં સ્થાપિત થવી છે, ધરતી પર નહી દિલો પર કાયમ થવી છે તે મસીહ મૌઉદ અ.સ. દ્વારા જ કાયમ થવી છે અને આપની જમાઅત દ્વારા જ કાયમ થવી છે ન કે કોઈ તલવાર અથવા બંદુક અથવા શકિતથી અથવા આતંક ફેલાવવાથી અને ઈસ્લામના નામે નિર્દોષોની હત્યા કરવાથી.

આવામાં એક અહેમદીનું કામ છે કે જેવું કે હું પહેલા પણ કહેતો રહ્યો છું કે ઈસ્લામની સુંદરતાને દુનિયા સામે પેશ કરો. જ્યાં સુધી અહેમદિયતના વિરોધની વાત છે તો તે લોકો અહેમદિયતનું કંઈ ન બગાડી શકશે. હઝરત મસીહ મૌઉદ અ.સ.ને અલ્લાહ તઆલાએ મોકલ્યા છે એટલા માટે મોકલ્યા છે કે આપને સફળ કરવા છે અને ઈસ્લામ હવે આપના દ્વારા જ ફેલાશે.

હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે હું એક બીજ રોપણ કરવા આવ્યો છું અને મારા હાથે તે બીજ રોપાઈ ગયો અને હવે તે વધશે અને ફુલશે અને કોઈ નથી જે તેને રોકી શકે. અલ્લાહ તઆલાના મસીહનો લગાવેલ આ બીજ અલ્લાહ તઆલાના ફઝલથી વધી રહ્યો છે. આપણે જો તેની હરી ભરી ડાળીઓ બનવું છે તો આપણું કામ છે કે અલ્લાહ તઆલાથી પ્રેમ, આંહઝરત સ.અ.વ.થી ઈશ્ક અને પોતાના કર્મ અને માનવ જાતિથી સહાનુભૂતિ તથા પ્રેમને એ રીતે બનાવીએ કે આપણા પ્રત્યેક કામથી તે જાહેર થાય. અલ્લાહ તઆલા આપણાને તેની તૌફીક આપે. આમીન

| Khulasa Khutba Jumma Huzoor Anwar 24 March 2017 |
|---|
| BOOK POST (Printed Matter)<br><br>To.......................................................................................................<br>.......................................................................................................<br>.......................................................................................................<br><br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT. |